# ૪. બોધપ્રાભૃત

આયતન, ચૈત્યગૃહ, જિનપ્રતિમા, દર્શન, જિનબિંબ, જિનમુદ્રા, જ્ઞાન, દેવ, તીર્થ, અર્હંત અને પ્રવ્રજ્યા—એ અગિયાર વિષયોનું આ પ્રાભૃતમાં સંક્ષિપ્ત કથન છે. ‘ભાવશ્રમણ તે આયતન છે, ભાવશ્રમણ તે ચૈત્યગૃહ છે. ભાવશ્રમણ તે જિનપ્રતિમા છે’—એવા વર્ણન-વિશેષાત્મક ખાસ એક પ્રકારથી આયતનાદિ કેટલાક વિષયોનું આમાં (જિનોક્ત) વિશિષ્ટ નિરૂપણ છે. જિનોપદિષ્ટ પ્રવ્રજ્યાનું સમ્યક્ વર્ણન ૧૭ ગાથાઓમાં સુંદર રીતે કરવામાં આવ્યું છે.

શાસ્ત્રાર્થ બહુ જાણે, [1]સુદ્રગસંયમવિમળ તપ આચરે,
[2]વર્જિતકષાય, વિશુદ્ધ છે, તે [3]સૂરિગણને વંદીને; ૧.

ષટ્કાયસુખકર કથન કરું સંક્ષેપથી, સુણજો તમે,
જે સર્વજનબોધાર્થ જિનમાર્ગે કહ્યું છે જિનવરે. ૨.

જે આયતન ને ચૈત્યગૃહ, પ્રતિમા તથા દર્શન અને
વીતરાગ જિનનું બિંબ, જિનમુદ્રા, સ્વહેતુક જ્ઞાન જે, ૩.

[4]અર્હંતદેશિત દેવ, તેમ જ તીર્થ, વળી અર્હંત ને
[5]ગુણશુદ્ધ પ્રવ્રજ્યા યથાક્રમશઃ અહીં જ્ઞાતવ્ય છે. ૪.

[6]આયત્ત છે મન-વચન-કાયા ઇન્દ્રિવિષયો જેહને,
તે સંયમીનું રૂપ ભાખ્યું આયતન જિનશાસને. ૫.

આયત્ત જસ મદ-ક્રોધ-લોભ વિમોહ-રાગ-વિરોધ છે,
ઋષિવર્ય પંચમહાવ્રતી તે આયતન નિર્દિષ્ટ છે. ૬.

---

૧. સુદ્રગસંયમવિમળ તપ = સમ્યગ્દર્શન ને સંયમથી શુદ્ધ એવું તપ.
૨. વર્જિતકષાય = કષાયરહિત. ૩. સૂરિગણ = આચાર્યોનો સમૂહ.
૪. અર્હંતદેશિત = અર્હંતભગવાને કહેલ.
૫. ગુણશુદ્ધ પ્રવ્રજ્યા = ગુણથી શુદ્ધ એવી દીક્ષા.
૬. આયત્ત = આધીન; વશીભૂત.

સુવિશુદ્ધધ્યાની, જ્ઞાનયુત, જેને સુસિદ્ધ [1]સદર્થ છે,
મુનિવરવૃષભ તે મળરહિત સિદ્ધાયતન [2]વિદિતાર્થ છે. ૭.

સ્વાત્મા-પરાત્મા-અન્યને જે જાણતાં જ્ઞાન જ રહે,
છે ચૈત્યગૃહ, તે જ્ઞાનમૂર્તિ, શુદ્ધ પંચમહાવ્રતે. ૮.

ચેતન સ્વયં, સુખ-દુઃખ-બંધન-મોક્ષ જેને [3]અલ્પ છે,
ષટ્કાયહિતકર તેહ ભાખ્યું ચૈત્યગૃહ જિનશાસને. ૯.

દગ-જ્ઞાન-નિર્મળચરણધરની ભિન્ન જંગમ કાય જે,
—નિર્ગ્રંથ ને વીતરાગ, તે પ્રતિમા કહી જિનશાસને. ૧૦.

જાણે-જુએ નિર્મળ [4]સુદગ સહ, ચરણ નિર્મળ આચરે,
તે વંદનીય નિર્ગ્રંથ-સંયતરૂપ પ્રતિમા જાણજે. ૧૧.

[5]નિઃસીમ દર્શન-જ્ઞાન ને સુખ-વીર્ય વર્તે જેમને,
શાશ્વતસુખી, અશરીર ને કર્માષ્ટબંધવિમુક્ત જે, ૧૨.

અક્ષોભ-નિરુપમ-અચલ-ધ્રુવ, ઉત્પન્ન જંગમ રૂપથી,
તે સિદ્ધ સિદ્ધિસ્થાનસ્થિત, [6]વ્યુત્સર્ગપ્રતિમા જાણવી. ૧૩.

દર્શાવતું સંયમ-સુદગ-સદ્ધર્મરૂપ, નિર્ગ્રંથ ને
[7]જ્ઞાનાત્મ મુક્તિમાર્ગ, તે દર્શન કહ્યું જિનશાસને. ૧૪.

જ્યમ ફૂલ હોય સુગંધમય ને દૂધ ઘૃતમય હોય છે,
રૂપસ્થ દર્શન હોય સમ્યગ્જ્ઞાનમય એવી રીતે. ૧૫.

---

૧. સદર્થ = સત્ અર્થ.

૨. વિદિતાર્થ = જે સમસ્ત પદાર્થોને જાણે છે એવું

૩. અલ્પ = ગૌણ ૪. સુદગ = સમ્યગ્દર્શન.

૫. નિઃસીમ = અનંત

૬. વ્યુત્સર્ગપ્રતિમા = કાયોત્સર્ગમય પ્રતિમા.

૭. જ્ઞાનાત્મ = જ્ઞાનમય.

જિનબિંબ છે, જે જ્ઞાનમય, વીતરાગ, સંયમશુદ્ધ છે,
દીક્ષા તથા શિક્ષા કરમક્ષયહેતુ આપે શુદ્ધ જે. ૧૬.

તેની કરો પૂજા, વિનય-વાત્સલ્ય-પ્રણમન તેહને,
જેને સુનિશ્ચિત જ્ઞાન, દર્શન, ચેતનાપરિણામ છે. ૧૭.

તપવ્રતગુણોથી શુદ્ધ, નિર્મળ સુદૃગ સહ જાણે-જુએ,
દીક્ષા-સુશિક્ષાદાયિની અર્હંતમુદ્રા તેહ છે. ૧૮.

ઇન્દ્રિય-કષાયનિરોધમય મુદ્રા સુદૃઢસંયમમયી,
—આ ઉક્ત મુદ્રા જ્ઞાનથી નિષ્પન્ન, જિનમુદ્રા કહી. ૧૯.

સંયમસહિત સદ્ધ્યાનયોગ્ય વિમુક્તિપથના લક્ષ્યને,
પામી શકે છે જ્ઞાનથી જીવ, તેથી તે જ્ઞાતવ્ય છે. ૨૦.

[૧]શર-અજ્ઞ [૨]વેધ્ય-અજાણ જેમ કરે ન પ્રાપ્ત નિશાનને,
અજ્ઞાની તેમ કરે ન લક્ષિત મોક્ષપથના લક્ષ્યને. ૨૧.

રે! જ્ઞાન નરને થાય છે; તે સુજન તેમ વિનીતને;
તે જ્ઞાનથી, કરી લક્ષ, પામે મોક્ષપથના લક્ષ્યને. ૨૨.

મતિ [૩]ચાપ થિર, શ્રુત દોરી, જેને રત્નત્રય [૪]શુભ બાણ છે,
પરમાર્થ જેનું લક્ષ્ય છે, તે મોક્ષમાર્ગે નવ ચૂકે. ૨૩.

તે દેવ, જે સુરીતે ધરમ ને અર્થ, કામ, સુજ્ઞાન દે;
તે વસ્તુ દે છે તે જ, જેને ધર્મ-દીક્ષા-અર્થ છે. ૨૪.

તે ધર્મ જેહ દયાવિમળ, દીક્ષા પરિગ્રહમુક્ત જે,
તે દેવ જે નિર્મોહ છે ને ઉદય ભવ્ય તણો કરે. ૨૫.

---

૧. શર-અજ્ઞ = બાણવિદ્યાનો અજાણ.

૨. વેધ્ય-અજાણ = નિશાનસંબંધી અજાણ.

૩. ચાપ = ધનુષ્ય.

૪. શુભ = સારું.

વ્રત-સુદૃગનિર્મળ, ઇન્દ્રિસંયમયુક્ત ને [1]નિરપેક્ષ જે,
તે તીર્થમાં દીક્ષા-સુશિક્ષારૂપ સ્નાન કરો, મુને! ૨૬.

નિર્મળ સુદર્શન-તપચરણ-સદ્ધર્મ-સંયમ-જ્ઞાનને,
જો શાન્તભાવે યુક્ત તો, તીરથ કહ્યું જિનશાસને. ૨૭.

[2]અભિધાન-સ્થાપન-દ્રવ્ય-ભાવે, [3]સ્વીય ગુણપર્યાયથી,
અર્હંત જાણી શકાય છે આગતિ-ચ્યવન-સંપત્તિથી. ૨૮.

નિઃસીમ દર્શન-જ્ઞાન છે, [4]વસુબંધલયથી મોક્ષ છે,
નિરુપમ ગુણે આરૂઢ છે, —અર્હંત આવા હોય છે. ૨૯.

જે પુણ્ય-પાપ, જરા-જનમ-વ્યાધિ-મરણ, ગતિભ્રમણ ને
વળી દોષકર્મ હણી થયા જ્ઞાનાત્મ, તે અર્હંત છે. ૩૦.

છે સ્થાપના અર્હંતની કર્તવ્ય પાંચ પ્રકારથી,
—[5]'ગુણ', માર્ગણા, પર્યાપ્તિ તેમ જ પ્રાણ ને જીવસ્થાનથી. ૩૧.

અર્હત્ સયોગીકેવળીજિન તેરમે ગુણસ્થાન છે;
ચોત્રીશ અતિશયયુક્ત ને વસુ પ્રાતિહાર્યસમેત છે. ૩૨.

ગતિ-ઇન્દ્રિ-કાયે, યોગ-વેદ-કષાય-સંયમ-જ્ઞાનમાં,
દૃગ-ભવ્ય-લેશ્યા-સંજ્ઞી-સમકિત-આ'રમાં એ સ્થાપવા. ૩૩.

આહાર, કાયા, ઇન્દ્રિ, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન તણી,
અર્હંત ઉત્તમ દેવ છે સમૃદ્ધ ષટ્ પર્યાપ્તિથી. ૩૪.

ઇન્દ્રિયપ્રાણો પાંચ, ત્રણ બળપ્રાણ મન-વચ-કાયના,
બે આયુ-શ્વાસોચ્છ્વાસપ્રાણો,—પ્રાણ એ દસ હોય ત્યાં. ૩૫.

માનવભવે પંચેન્દ્રિ તેથી ચૌદમે જીવસ્થાન છે;
પૂર્વોક્ત ગુણગણયુક્ત, 'ગુણ'-આરૂઢ શ્રી અર્હંત છે. ૩૬.

---

૧. નિરપેક્ષ = અભિલાષારહિત. ૨. અભિધાન = નામ.
૩. સ્વીય = પોતાના. ૪. વસુ = આઠ ૫. 'ગુણ' = ગુણસ્થાન.

વણવ્યાધિ-દુઃખ-જરા, અહાર-નિહારવર્જિત, વિમળ છે,
[1]અજુગુપ્સિતા, [2]વણનાસિકામળ-શ્લેષ્મ-સ્વેદ, અદોષ છે; ૩૭.

દસ પ્રાણ, ષટ્ પર્યાપ્તિ, અષ્ટ-સહસ્ર લક્ષણ યુક્ત છે,
સર્વાંગ ગોક્ષીર-શંખતુલ્ય [3]સુધવલ માંસ-રુધિર છે; ૩૮.

—આવા ગુણે સર્વાંગ અતિશયવંત, [4]પરિમલમ્હેકતી,
ઔદારિકી કાયા અહો ! અર્હત્પુરુષની જાણવી. ૩૯.

મદરાગદ્વેષવિહીન, [5]ત્યક્તકષાયમળ સુવિશુદ્ધ છે,
મનપરિણમનપરિમુક્ત, [6]કેવળભાવસ્થિત અર્હંત છે. ૪૦.

દેખે દરશથી, જ્ઞાનથી જાણે દરવ-પર્યાયને,
સમ્યક્ત્વગુણસુવિશુદ્ધ છે,—અર્હંતનો આ ભાવ છે. ૪૧.

મુનિ શૂન્યગૃહ, તરુતલ વસે, [7]ઉદ્યાન વા સમશાનમાં,
[8]ગિરિકંદરે, ગિરિશિખર પર, વિકરાળ વન વા વસતિમાં. ૪૨.

નિજવશ શ્રમણના વાસ, તીરથ, શાસ્ત્રચૈત્યાલય અને
જિનભવન મુનિનાં લક્ષ્ય છે—જિનવર કહે જિનશાસને. ૪૩.

પંચેન્દ્રિસંયમવંત, પંચમહાવ્રતી, નિરપેક્ષ ને
સ્વાધ્યાય-ધ્યાને યુક્ત મુનિવરવૃષભ ઈચ્છે તેમને. ૪૪.

ગૃહ-ગ્રંથ-મોહવિમુક્ત છે, પરિષહજયી, અકષાય છે,
છે મુક્ત પાપારંભથી,—દીક્ષા કહી આવી જિને. ૪૫.

---

૧. અજુગુપ્સિતા = જેના પ્રત્યે જુગુપ્સા ન થાય એવી.
૨. વણનાસિકામળ-શ્લેષ્મ-સ્વેદ = નાકના મેલથી, કફથી ને પરસેવાથી રહિત.
૩. સુધવલ = ધોળું. ૪. પરિમલ = સુગંધ.
૫. ત્યક્તકષાયમળ = કષાયમળ રહિત.
૬. કેવળ = એકલો; નિર્મળ; શુદ્ધ.
૭. ઉદ્યાન = બગીચો. ૮. ગિરિકંદર = પર્વતની ગુફા.

ધન-ધાન્ય-[3]પટ, [4]કંચન-રજત, આસન-શયન, છત્રાદિનાં
સર્વે કુદાન વિહીન છે,—દીક્ષા કહી આવી જિને. ૪૬.

નિંદા-પ્રશંસા, શત્રુ-મિત્ર, અલબ્ધિ ને [5]લબ્ધિ વિષે,
તૃણ-કંચને સમભાવ છે,—દીક્ષા કહી આવી જિને. ૪૭.

નિર્ધન-સધન ને ઉચ્ચ-મધ્યમ [6]સદન અનપેક્ષિતપણે
સર્વત્ર [7]પિંડ ગ્રહાય છે,—દીક્ષા કહી આવી જિને. ૪૮.

નિર્ગ્રંથ ને નિઃસંગ [8]નિર્માનાશ, નિરહંકાર છે,
નિર્મમ, અરાગ, અદ્વેષ છે,—દીક્ષા કહી આવી જિને. ૪૯.

નિઃસ્નેહ, નિર્ભય, નિર્વિકાર, અકલુષ ને નિર્મોહ છે,
આશારહિત, નિર્લોભ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૦.

જન્મ્યા પ્રમાણે રૂપ, [9]લંબિતભુજ, [10]નિરાયુધ, શાંત છે,
પરકૃત [11]નિલયમાં વાસ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૧.

ઉપશમ-ક્ષમા-[12]દમયુક્ત, તનસંસ્કારવર્જિત [13]રૂક્ષ છે,
મદ-રાગ-દ્વેષવિહીન છે,—દીક્ષા કહી આવી જિને. ૫૨.

જ્યાં મૂઢતા-મિથ્યાત્વ નહિ, જ્યાં કર્મ અષ્ટ વિનષ્ટ છે,
સમ્યક્ત્વગુણથી શુદ્ધ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૩.

નિર્ગ્રંથ દીક્ષા છે કહી ષટ્ સંહનનમાં જિનવરે;
ભવિ પુરુષ ભાવે તેહને; તે કર્મક્ષયનો હેતુ છે. ૫૪.

---

૩. પટ = વસ્ત્ર. ૪. કંચન-રજત = સોનું-રૂપું.
૫. લબ્ધિ = લાભ. ૬. સદન = ઘર.
૭. પિંડ = આહાર. ૮. નિર્માનાશ = માન ને આશા રહિત.
૯. લંબિતભુજ = નીચે લટકતા હાથવાળી. ૧૦. નિરાયુધ = શસ્ત્રરહિત.
૧૧ નિલય = રહેઠાણ. ૧૨. દમ = ઇન્દ્રિયનિગ્રહ.
૧૩.રૂક્ષ = તેલમર્દન રહિત.

તલતુષપ્રમાણ ન બાહ્ય પરિગ્રહ, રાગ તત્સમ છે નહીં;
—આવી પ્રવ્રજ્યા હોય છે સર્વજ્ઞજિનદેવે કહી. ૫૫.

ઉપસર્ગ-પરિષહ મુનિ સહે, નિર્જન સ્થળે નિત્યે રહે,
સર્વત્ર કાષ્ઠ, શિલા અને ભૂતલ ઉપર સ્થિતિ તે કરે. ૫૬.

સ્ત્રી-[1]ષંઢ-પશુ-[2]દુઃશીલનો નહિ સંગ, નહિ વિકથા કરે,
સ્વાધ્યાય-ધ્યાને યુક્ત છે,—દીક્ષા કહી આવી જિને. ૫૭.

તપવ્રતગુણોથી શુદ્ધ, સંયમ-સુદગગુણસુવિશુદ્ધ છે,
છે ગુણવિશુદ્ધ,—સુનિર્મળા દીક્ષા કહી આવી જિને. ૫૮.

સંક્ષેપમાં આયતનથી [3]દીક્ષાંત ભાવ અહીં કહ્યા,
જ્યમ શુદ્ધસમ્યગ્દરશયુત નિર્ગ્રંથ જિનપથ વર્ણવ્યા. ૫૯.

રૂપસ્થ [4]સુવિશુદ્ધાર્થ વર્ણન જિનપથે જ્યમ જિન કર્યું,
ત્યમ ભવ્યજનબોધન-અરથ ષટ્કાયહિતકર અહીં કહ્યું. ૬૦.

જિનકથન ભાષાસૂત્રમય શાબ્દિક-વિકારરૂપે થયું;
તે જાણ્યું શિષ્યે ભદ્રબાહુ તણા અને એમ જ કહ્યું. ૬૧.

[5]જસ બોધ દ્વાદશ અંગનો, [6]ચઉદશપૂરવ-વિસ્તારનો,
જય હો [7]શ્રુતંધર ભદ્રબાહુ ગમકગુરુ ભગવાનનો. ૬૨.

❀

---

૧. ષંઢ = નપુંસક.

૨. દુઃશીલ = કુશીલ જનો.

૩. દીક્ષાંત = પ્રવ્રજ્યા સુધીના.

૪. સુવિશુદ્ધાર્થ = જેમાં શુદ્ધ સ્વરૂપ કહેલું છે એવું; તાત્ત્વિક.

૫. જસ = જેમને. ૬. ચઉદશ = ચૌદ.

૭. શ્રુતંધર = શ્રુતજ્ઞાની.